॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

પ્રકાશન દર માસની ૫ તારીખે - સળંગ અંક ૩૯૩ નવેમ્બર - ૨૦૧૮ રૂા. ૫/૦૦

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત

કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક યુવતી મંડળ આયોજીત

## મોક્ષદ્વારમપાવૃતમ્

### પંચદશાબ્દી સત્સંગ શિબિર-હરિદ્વાર ૨૦૧૮























॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकैः ।।

**ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક**



પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ વર્ષ - ૨૪, કુલ અંક-૨૧૪

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૧૮ અંક-૭ નવેમ્બર-૨૦૧૮
સળંગ અંક ૩૯૩

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

:: સંસ્થાપક ::
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

:: માલિક ::
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ - કચ્છ.

:: તંત્રી ::
શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

:: સહતંત્રી ::
શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી
સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી

:: પ્રકાશક અને મુદ્રક ::
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદસાજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ,
શ્રી સ્વામિનારાયણ રોડ, ભુજ-કચ્છ
વતીશ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ પ્રેસમાં
છપાવી ભુજ - કચ્છથી પ્રસિદ્ધ કર્યું.

**પત્ર વ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ**

શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય,
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
તીર્થધામ - ભુજ - કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧
ફોન : (૦૨૮૩૨) ૨૫૦૨૩૧, ૨૫૦૩૩૧, ૨૫૦૪૩૧
ટેલીફેક્સ : (૦૨૮૩૨) ૨૫૦૧૩૧

E-mail: sandesh@bhujmandir.org
info@bhujmandir.org

:: Website ::
www.bhujmandir.org

## અનુક્રમણિકા

| | | |
|---|---|---|
| ૧ | તંત્રીની કલમે | ૪ |
| ૨ | દિવાળી શુભાશીર્વાદ પત્ર | ૫ |
| ૩ | યુવક મંડળ શા માટે ? | ૬ |
| ૪ | સંકલ્પ-સ્થાપના-સંપોષણ-સંચાલન-સાફલ્ય | ૭ |
| ૫ | અવિરત સત્સંગ પોષક સંમેલનો | ૮ |
| ૬ | ભુજ મંદિરનું અભિન્ન અંગ | ૧૧ |
| ૭ | યુવક મંડળની સ્થાપના અને નામાભિધાન | ૧૪ |
| ૮ | મોક્ષદ્વારમપાવૃતમ્ | ૧૫ |
| ૯ | પ્રતિભાવો | ૧૯ |
| ૧૦ | યુવક મંડળ અને શિબિરો | ૨૧ |
| ૧૧ | કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ - ફળશ્રુતિ | ૨૩ |

### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની
- જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજીભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિ સ્વીકાર - અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

### લવાજમ

**દેશમાં**

| | |
|---|---|
| આજીવન સભ્ય | રૂા. ૫૦૧/- |
| વાર્ષિક સભ્ય | રૂા. ૫૧/- |

**વિદેશમાં**

| | |
|---|---|
| આજીવન સભ્ય | રૂા. ૬૦૦૧/- |
| વાર્ષિક સભ્ય | રૂા. ૧૦૦૧/- |

અંક દર માસે નિયત સમયે પ્રસિદ્ધ થશે.

પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો

# તંત્રીની કલમે

આપણા સંપ્રદાયોમાં ઉત્સવનું આગવું અનેરું સ્થાન છે.

શરદઋતુનો ઉત્તરાર્ધ આસોમાસ પ્રફુલ્લ પુષ્પોના પમરાટથી સુગંધી બનેલો વાયુ ''ચંદ્રની ચાંદની'' ને ઓઢી સુશોભિત થતી રજની નક્ષત્રોના અલંકારથી સુશોભિત સ્વચ્છ આકાશ તેમજ ઝળહળાટ ભર્યા તહેવારોના રંગથાળની ભેટ ધરી જનસમાજને પ્રફુલ્લિત કરે છે.

ભગવાનશ્રી સ્વામિનારાયણે પોતાના અનુયાયીઓને પાંચદેવોને પૂજ્યપણે માનવા જણાવેલું છે તેમાં ભગવતી પાર્વતી દેવીનો પણ સમાવિષ્ટ થાય છે.

'વિજયાદશમી' નો તહેવાર ધામધૂમભર્યો બની રહે છે. ઢાલ તલવારથી સજ્જ ઠાકોરજીના દર્શનનો લ્હાવો લઈ હરિભક્તો શ્રી હરિના ઓવારણા લઈ રોમાંચિત થાય છે.

પંચાળામાં પરમહરિભક્ત જીણાભાઈના દરબારમાં અશ્વિની નક્ષત્રમાં બિરાજમાન ચંદ્રની ચાંદનીથી રૂપે મઢયા ચોકમાં જેટલા સાધુને તેટલા જ રૂપ ધરીને ભગવાન અલૌકિક-રાસ રમ્યા હતા તે અવર્ણનીય છે. આનંદની ચરમસીમાનો આ પ્રસંગ શ્રીજી મહારાજ પ્રત્યેના સંતોના સમર્પિત ભક્તિભાવનું ધોતક છે.

આસો માસની સમાપ્તિ દિવાળીના પર્વથી થાય છે દીપમાળાની રોશનીના પ્રકાશથી અંધકાર દૂર થાય છે દિવાળી પર્વ આશો વદ ૧૩ ધનતેરસથી શરૂ થાય છે, આ ૩ દિવસ તેરસ-ચૌદસ અને દિવાળીના દિવસોમાં ઘરની ડેલીયે ઘી-તેલના દેશી કોડીયા દીવળાઓ પ્રગટાવી સવાર-સાંજ પ્રકાશ પર્વ મનાવવામાં આવે છે. તે રીતે હૃદયમાં રહેલા દુર્ભાવો અને અંતરમાં રહેલા અજ્ઞાનના અંધકારને ઉલેચી ધર્મ, જ્ઞાન, ભકિત, અને અધ્યાત્મના જ્ઞાનથી જીવનને સાર્થક અને પ્રકાશમય બનાવવાના સંકલ્પો કરવાના છે.

આ અંકમાં શ્રી સ્વામિનારાયણ મંદિરના અભિન્ન અંગ સમા 'કચ્છ શ્રી નરનારાયણ દેવ યુવક-યુવતી મંડળ' ને કેન્દ્રમાં રાખી વિવિધ લેખો દ્વારા ઉજ્જ્વલ ભવિષ્ય માટે દિશા સૂચન કરવામાં આવ્યું છે નૂતનવર્ષના પ્રારંભે સૌ સાથે મળીને યુવક મંડળની પ્રવૃતિઓમાં સાથ સહકાર આપી પ્રોત્સાહિત કરવાના અને આપણા સંતાનોને યુવક મંડળમાં જોડી તેમના જીવનને આદર્શ જીવન બનાવવાના શુભ સંકલ્પો કરીએ

## નૂતન વર્ષાભિનંદન

પ્રકાશનું પર્વ આપના જીવન પથ પર પ્રસન્નતા અને પ્રફુલ્લિતતાનો પ્રકાશ પાથરે. આપના હૃદયકમળમાં ભક્તિની જ્યોત પ્રગટે જેમાં સત્સંગનું દીવેલ પુરાય અને આપના સત્કાર્યોની સુવાસ ચોમેર પ્રસરે એવી નૂતન વર્ષે શુભેચ્છા ! નવું વર્ષ આપના, આપના પરિવારના, સ્નેહીજનો, શુભચિંતકો અને મિત્રોના જીવન સુખ-સમૃદ્ધિ-સંતોષ સાથે આનંદ-ઉલ્લાસ-ઉમંગ લાવે, આરંભેલા સદ્કાર્યો પુરાં થાય તેવી ભગવાન શ્રીસ્વામિનારાયણના ચરણોમાં પ્રાર્થના.

ઉદ્ધવ સંપ્રદાયના સર્વે સત્સંગીઓ, શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશના વાર્ષિક તેમજ આજીવન સભ્યો, લેખકો, વાચકો, દાતાઓ, સેવાભાવી કાર્યકરો, કર્મચારીઓ અને શુભચિંતકોને શુભેચ્છા સહ આશીર્વાદ સાથે દિવાળી તથા નૂતનવર્ષાભિનંદન સહ જય શ્રી સ્વામિનારાયણ!

તંત્રી મંડળ



# દિવાળી શુભાશીર્વાદ પત્ર

કાર્તિક સુદ ૧ના સુપ્રભાતથી શરૂ થતા વિક્રમ સંવત ૨૦૭૫નાં નવા વર્ષના અભિનંદનસહ સૌ હરિભક્તોને હેતપૂર્વક જયશ્રી સ્વામિનારાયણ ! દિવાળીના પર્વને પરંપરાગત રીતે દીપમાળા પ્રગટાવી ઉત્સાહ અને ઉમંગભેર ઉજવવામાં આવે છે. અધર્મ પર ધર્મ, અનીતિ પર સુનીતિ, અત્યાચાર પર સદાચારના વિજયનો આ પ્રકાશપર્વ છે. દીપમાળા અને પ્રકાશના સંકેતને સમજવાની જરૂર છે. કળિયુગના પ્રભાવથી ફાલેલા ફૂલેલા અધર્મ, અનીતિ, અત્યાચાર, અદેખાઈ, અનાચાર, અભિમાન, સ્વાર્થ જેવા અંતરશત્રુની વ્યાપક અસરથી હૃદયમાં જે અસહિષ્ણુતાયુક્ત અજ્ઞાનતાનો અંધકાર છવાઈ ગયો છે તેને અધ્યાત્મ, ધર્મ, સત્સંગ અને ભક્તિથી પ્રકાશિત કરી તમસને હરી લઈ હરિની ઉપાસના કરવાનો સંકેત આમાં સમાયેલો છે. અંતરશત્રુઓ પર વિજય પ્રાપ્ત કરવાનો સમય આવી ગયો છે. દેવ, શાસ્ત્ર, આચાર્ય, ગુરુ અને સંતો પ્રત્યે નિષ્ઠા અને પ્રીતિ સાથેનો આદરભાવ અંતરશત્રુઓ સામે વિજય મેળવવાનું આત્મબળ પૂરું પાડશે. શિક્ષાપત્રી અને વચનામૃત દ્વારા શ્રી સહજાનંદ સ્વામીએ ઉપદેશાત્મક આદેશો પાઠવ્યા છે. તેનું ચૂસ્ત અનુસરણ સર્વે સંતાપ દૂર કરી શાશ્વત શાંતિની અનુભૂતિ કરાવશે.

ભુજ નગર નિવાસી શ્રી નરનારાયણદેવની કૃપાથી આપ સૌ દેશમાં-વિદેશમાં જ્યાં હો ત્યાં ન્યાયનીતિથી પ્રમાણિકપણે કાર્ય કરજો. મહારાજની આજ્ઞા મુજબ પોતાની કમાણીનો દશમો-દુર્બળ હો તો વીશમો ભાગ ભગવાનને અવશ્ય અર્પણ કરજો. પશુ-પક્ષીઓ, ગરીબો, બ્રાહ્મણોનું પોષણ થાય તેવા પ્રયત્ન કરજો. પ્રભુની પ્રસન્નતા અવશ્ય પ્રાપ્ત થશે. પંચવર્તમાન પાડજો. દારૂ,માંસ,ચોરી, વ્યભિચાર, વટાળપ્રવૃત્તિથી દૂર રહેજો. બજારની અપવિત્ર વસ્તુઓ સત્સંગીના ઘરમાં ન આવે તેની જાગૃતિ રાખજો. 'જેવું અન્ન તેવું મન' એ ન્યાયે જો ભોજન બગડશે તો મન બગડશે. મન બગડશે તો પાપના માર્ગે દોરી જશે.

સૌ સાવધાન રહેજો. ઉદ્ધવ સંપ્રદાયની શુદ્ધ પરંપરા ટકી રહે તે માટે ઉપાસનાની શુદ્ધિ રાખજો. કેટલાક અજ્ઞાની લોકો ભગવાનની ઉપાસનાને ગૌણ ગણી ગુરુ-સાધુ ભગવાનની સાથે સિંહાસનમાં બેસવા લાગ્યા છે, પોતાનો જયઘોષ કરાવી રહ્યા છે. તો એમનાથી સાવધાન રહી તેવા પંથમાં ફસાવું નહીં. શ્રીજી મહારાજે આપેલી શુદ્ધ પરંપરા આપણી પાસે છે. આપણા પૂર્વજો જીવમાત્રના ઉદ્ધારક શ્રી નરનારાયણદેવના આશ્રિત રહી આ લોકમાં સુખ-સમૃદ્ધિ પામ્યા છે અને અંતે અક્ષરધામમાં શ્રીજી મહારાજનાં ચરણોની સેવામાં રહી શાશ્વત શાંતિ પામ્યા છે. આપણે પણ એજ કરવાનું છે અને આપણા સંતાનો-નવી પેઢીને પણ બચાવવાની છે.

ભુજ મંદિર દ્વારા ધાર્મિક, સામાજિક, જીવદયાની, રાષ્ટ્રહિત આદિ અનેક પ્રવૃત્તિઓ થઈ રહી છે જેનાથી આપ વાકેફ છો. યુવા પ્રવૃત્તિ હોય, કેરલમાં આવેલ હોનારત ગ્રસ્તોને સહાય કરવાની હોય, દેશની સરહદે આવેલ ભેડીયાબેટ હનુમાનજી મંદિરનો જીર્ણોદ્ધાર હોય કે પછી અબોલ ગૌવંશ માટે ઘાસચારાની વ્યવસ્થા કરવાની હોય ભુજ મંદિર સદા અગ્રેસર જ રહ્યું છે. જેમાં આપની તન, મન, ધનથી સેવા અને સહકાર મળતા રહે છે, આવી સદ્ભાવના કાયમ રાખજો. આપ સૌ ભેળા રહ્યા છો અને સદાય સાથે રહેજો.

આ પવિત્ર પર્વે મક્કમ મનોબળ સાથે દૃઢ સંકલ્પ કરવાનો છે કે શ્રીજી મહારાજે કચ્છદેશના ઉદ્ધાર માટે બાથમાં ઘાલીને પધરાવેલા શ્રી નરનારાયણદેવની સમર્પિત ભાવે સેવા કરી જીવન ધન્ય અને સાર્થક બનાવવું છે.

આપ સૌને ધર્મ, જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય અને અધ્યાત્મનું બળ પ્રાપ્ત થાઓ. નિર્માની બનીને સંપૂર્ણ શ્રદ્ધા અને પૂર્ણ નિષ્ઠાપૂર્વક શ્રી નરનારાયણદેવનું શરણ સ્વીકારી આલોક અને પરલોક સુધારીલો એવી નૂતનવર્ષે શ્રી હરિના ચરણોમાં પ્રાર્થનાસહ ભુજ મંદિરના સર્વે સંતો, પાર્ષદોનાં સપ્રેમ શુભાશિષ સહ જય શ્રી સ્વામિનારાયણ !

પુરાણી ધર્મનંદન દાસજીના
સપ્રેમ જયશ્રી સ્વામિનારાયણ વાંચશોજી

# યુવક મંડળ શા માટે ?



ભૂતકાળની ભોંયમાં ભંડારાઈ ગયેલા ભવ્ય વારસાને નવજીવન બક્ષવા તથા ભારતીય સંસ્કૃતિના દિવ્યજ્ઞાન સાથે પરંપરાગત સુસંસ્કારોનું સિંચન કરવા ઉપરાંત યુવાનો જીવમાત્રને બ્રહ્મરૂપ સમજીને ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપાને પાત્ર થઈ શકે એવા મંગલમય હેતુથી કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળની સ્થાપના કરવામાં આવી છે.

જે દેશના યુવાનોમાં શકિત ભારોભાર ભરી છે તે દેશના યુવાનોની આજની દયનીય હાલત જોઈને દુઃખ થાય છે. પાશ્ચાત્ય સંસ્કૃતિની વિકૃતિએ લજ્જા, માન-મર્યાદા, સંસ્કારો ભૂલાવી વ્યસનના વમળમાં ફસાવી દીધા. ભૌતિક સુખ પાછળની આંધળી દોડ, મોજ-શોખ, હડતાલો, ઝઘડાઓ, વિચારશૂન્ય અનુકરણ, સ્વતંત્રતાના નામે સ્વચ્છંદતા, વડીલ વર્ગની અવગણના, ચારિત્ર્યમાં શિથિલતા જેવી અનેક બાબતોએ યુવાશક્તિ સમક્ષ ગંભીર પ્રશ્નો ઉઠાવ્યા છે. આવી વિકટ પરિસ્થિતિમાં કામ કરવાનો એક મોટો પડકાર યુવક-મંડળ સમક્ષ આવીને ઊભો છે.

એક વાત નિર્વિવાદ છે કે ભૌતિકતા આજે ચરમ સીમા પર છે. ભૌતિકતાના કળણમાં માનવ દિન પ્રતિદિન ગરકાવ થતો જાય છે. માનવ પોતા પરનું નિયંત્રણ ગુમાવી બેઠો છે. આજે જીવન છે પણ જીવનમૂલ્યો નથી. વ્યકિત છે પણ વ્યક્તિત્વ જોવા મળતું નથી. ચિત્ર છે પણ ચારિત્ર્ય નથી. ચિંતા છે પણ ચિંતન નથી. નિયત છે પણ નીતિનો અભાવ છે. સ્વાર્થ છે પણ સંસ્કાર નથી. જીવનમાં વેદના છે પણ સંવેદના નથી. સંગ્રામ છે પણ સંયમ, સહિષ્ણુતા અને સેવા નથી. માનવ છે પણ માનવતા મૃતપાય છે. બુદ્ધિ છે પણ સદ્‌બુદ્ધિ નથી. કર્મ છે પણ નિષ્ઠા નથી. અર્થ ઉપાર્જન છે પણ અધ્યાત્મનું સર્જન નથી. ચારે તરફ નિરાશાજનક વાતાવરણ છે. આવી વિષાદયુક્ત પરિસ્થિતિમાં યુવાવર્ગને સાચો માર્ગ કોણ દર્શાવે? સૂકાઈ જતા સંસ્કારોમાં સંજીવનીનું સિંચન કોણ કરે? અલબત્ત સંતો જ સુવર્ણયુગનું નિર્માણ કરવા સક્ષમ છે. દેવભૂમિ ભારતમાં મહાન સંત પરંપરા રહી છે. જ્યાં સુધી સંતોની સૂચનાઓ અને માર્ગદર્શનનું અનુસરણ થતું રહેશે છે ત્યાં સુધી માનવમાં વિકાર નહીં પણ સંસ્કારનું પ્રાધાન્ય રહેશે.

સંસ્કારો સાથે યુવાવર્ગમાં સમજણ આવવાથી વર્તન બદલાઈ જાય, જીવન બદલાઈ જવાથી સાત્ત્વિકતા આવે. માનવની દૃષ્ટિ બદલવાથી વર્તન બદલાય. સમજણપૂર્વક સત્સંગ કરવાથી જીવનમાં તેજસ્વિતા આવશે. તેજસ્વિતા થકી આત્મતત્ત્વ સુધી પહોંચી શકાશે. યુવાવર્ગને સમજણ કેળવવી પડશે. કામ એ પણ પ્રભુની વિભૂતિ છે. જીવનમાં રામ-શ્યામ-ઘનશ્યામ સાથે કામને સ્થાન આપી, સેવા કાર્યમાં જોડાવું જરૂરી છે.

યુવાવર્ગને એ સમજણ કેળવવી પડશે કે મારા કર્મનો હું જવાબદાર છું. મારા કાર્યો દ્વારા અધઃપતન થાય તેમાં પણ હું જવાબદાર છું. આથી સારા જીવનવિકાસ માટેના સંકલ્પ સૂત્ર અપનાવી પ્રયત્નો કરતા રહો તો શક્તિ પ્રભુ આપશે.

યુવાવર્ગના જીવનમાં આત્મશ્રદ્ધા-ઈશશ્રદ્ધા જાગૃત કરી જીવનમાં તેજસ્વિતા, કાર્યનિષ્ઠા, જીવનનિષ્ઠા, ધ્યેયનિષ્ઠા બક્ષવાનું કાર્ય યુવક મંડળ દ્વારા થાય છે.

પ્રભુકાર્ય કરવા માટે યુવાનોમાં ઈશ્વર પ્રત્યે શ્રદ્ધાયુક્ત અનુરાગ અને કૃતજ્ઞ બુદ્ધિ હોવા જરૂરી છે. દરેક કાર્ય ઉપાસનાની દૃષ્ટિ કેળવીને કરવાના છે.

નિષ્ક્રિય અને આળસુ લોકોનો અવાજ પ્રભુ પાસે પહોંચતો જ નથી. જ્યાં સાંસ્કૃતિક અને નૈતિક મૂલ્યો ટકી રહે છે ત્યાં પ્રભુ પદાર્પણ કરે છે. યુવક મંડળમાં જોડાવાથી સાંખ્યભક્તિ થાય છે અને તે આજના યુગની માંગ છે. યુવાવર્ગમાં વૈચારિક દુષ્કાળ ન આવે તે માટે સંતોએ છેલ્લા પંદર વર્ષથી અવિરત પ્રયત્નોનું પરબ ચાલુ રાખેલ છે. વડીલ સંતોએ પ્રજવલિત કરેલા આ વિચારયજ્ઞમાંથી આપણે સૌ મશાલ પ્રગટાવીએ અને જીવન દીપક પ્રજ્વલિત રાખીએ.

આજે યુવક મંડળના પંચદશાબ્દી વર્ષ સમયે આપણે ગૌરવભેર કહી શકીએ છીએ કે સ્વચ્છ, સુંદર, સદાચારી, સત્સંગપ્રેમી આદર્શ સમાજનો સૂર્યોદય થઈ ચૂક્યો છે. ૧૪૦૦૦ થી વધુ થનગનતા યુવકો અને ૧૩૦૦૦ થી વધુ સંસ્કારી યુવતીઓની સહજાનંદી ફોજ તૈયાર થઈ ચૂકી છે. જે રાષ્ટ્રના ઉજ્જવલ ભવિષ્ય માટે મહત્ત્વનું અંગ સાબિત થશે અને સંપ્રદાયનું ગૌરવ વધારશે.

# કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ



પ્રથમ યુવા સત્સંગ સંમેલન, ભુજ - ૨૦૦૩

## યુવક મંડળ સ્થાપનાસંકલ્પ-સંપોષણ-સંચાલન-સાફલ્ય

શ્રી સહજાનંદ સ્વામીની આજ્ઞાને અનુસરતા આપણા ભુજ મંદિરનાં સંતોએ મુમુક્ષુ હરિભક્તોનાં આત્મકલ્યાણની સાથોસાથ તેમનાં હિતની ચિંતા પણ સદાય સેવી છે. આવા હિતચિંતક સંતોએ આજથી ૧૫-૨૦ વર્ષ પહેલાં તત્કાલિન પરિસ્થિતિનો અભ્યાસ કરતાં યુવાવર્ગને દિશાશૂન્ય અને માર્ગ ભટકતા હોય તેવી દશામાં જોયા. ભકિતમાં દ્રઢતા લાવવા, શ્રીજી મહારાજમાં શ્રદ્ધા રાખવા અને સંપ્રદાયના તેમજ યુવાવર્ગના ઉજ્જ્વળ ભવિષ્ય માટે દીર્ઘદૃષ્ટા પરહિતકારી સંતો મહંત સ.ગુ. સ્વામી હરિસ્વરૂપદાસજી, સ.ગુ.સ્વામી ધર્મકિશોરદાસજી, સ.ગુ.સ્વામી ઘનશ્યામજીવનદાસજી, સ.ગુ.સ્વામી માધવપ્રિયદાસજી, સ.ગુ.કોઠારી પાર્ષદ શામજી ભગત આદિએ યુવક મંડળની રચના કરવાનો સંકલ્પ કર્યો, તે દિશામાં કાર્યરત થયા અને યુવક મંડળની આવશ્યકતાથી સૌને અવગત કરી ૨૦૦૩માં 'કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ' ની સ્થાપના કરવામાં આવી. યુવક મંડળનાં સિદ્ધાંતો નક્કી થયા, પ્રવૃત્તિઓ નક્કી થઈ, આયોજનો કરાયા, આયોજનોને અમલમાં મૂકવા અને પ્રોત્સાહિત કરવા વર્તમાન મહંત સ.ગુ.સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ.સ્વામી પ્રેમપ્રકાશદાસજી અને પાર્ષદ જાદવજી ભગત જેવા બ્રહ્મનિષ્ઠ પાવનકારી સંતોએ મક્કમતાપૂર્વક ધ્યેય પ્રાપ્તિનો દૃઢ નિર્ધાર કરી સૌને ખૂબ જ પ્રોત્સાહિત કરી સંપોષક સંતની ભૂમિકા પ્રેરણામૂર્તિ બનીને અદા કરી. તેઓને વડીલ સંતો સ.ગુ.સ્વામી બાલકૃષ્ણદાસજી, સ.ગુ.સ્વામી શ્રી હરિદાસજી, સ.ગુ.સ્વામી શ્રી સ્વયંપ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, સ.ગુ.સ્વામી શ્રી કેશવદજીવનદાસજી આદિ સંતો દ્વારા ખૂબ જ સારો સહયોગ અને પ્રતિસાદ પ્રાપ્ત થયા. આમ, યુવક મંડળના સંચાલનમાં તેમના અનુભવ, આવડત અને આશીર્વાદનો ઉમેરો થયો. આ સંતોનાં નેજા હેઠળ કર્મનિષ્ઠ તરવરીયા યુવા સંતો તૈયાર થયા. યુવક મંડળમાં સત્સંગી યુવા હરિભક્તો જોડાતા ગયા. સીમાચિન્હ રૂપ ભગીરથ કાર્યો પાર પડતા ગયા પરિણામે આજે સમાજ યુવક મંડળની સફળતાથી પ્રભાવિત છે. એક વાત નિર્વિવાદ છે કે ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની અસીમ કૃપા, બ્રહ્મનિષ્ઠ સંતોનાં આશીર્વાદ અને પ્રેરણા, યુવા સંતોની કર્તવ્યનિષ્ઠા, યુવક મંડળના સંચાલકોનો કઠોર અને અથાગ પરિશ્રમ તેમજ યુવા સભ્યોની શ્રદ્ધા અને ધગશ કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના સાફલ્યમાં ખૂબ મોટો ભાગ ભજવે છે.

## આદ્યસ્થાપકના આશીર્વાદ



કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અ.નિ. મહંત સ.ગુ. પુરાણી સ્વામી હરિસ્વરૂપદાસજીનું સાકાર થયેલું સ્વપ્ન છે. જેનાં હૈયામાં હરહંમેશ હરિભક્તોનું હિત સમાયેલું હતું તેવા મુમુક્ષુવસ્તલ મહંત સ્વામીનું માનસ સંતાન છે આ યુવક મંડળ. ૨૦૦૩ની સાલમાં આ યુવક મંડળની સ્થાપના થઈ અને જ્યારે તેની પહોળી સભા મળી ત્યારે તે સભામાં ઉત્સુકતા અને આતુરતા સાથે ઉપસ્થિત રહેલા યુવકો સમક્ષ પોતાનો રાજીપો વ્યક્ત કરતા ભાવવિભોર થઈને ભક્તિનું મહત્ત્વ દૃઢ કરતાં જણાવેલું કે સાંપ્રદાયિક સંસ્કારોની ગરિમા જળાવવી જોઈએ. સત્સગીએ શ્રીજીમહારાજમાં પૂર્ણનિષ્ઠા સાથે શ્રધ્ધા રાખી ભક્તિ કરવી. સાથે સાથે ઉમેર્યું કે જે કોઈ સત્સંગી યુવાન યુવક મંડળની સભામાં હાજર રહી એક માળા કરશે તે ભવસાગર તરી જશે, અંતકાળે અક્ષરધામમાં લઈ જવા હું ભગવાન શ્રી સ્વામિનારાયણ સાથે આવીશ. મહંત સ્વામી હરિભક્તો પ્રત્યે આવો અનન્યભાવ ધરાવતા હતા.

- અ.નિ. મહંત સ.ગુ. સ્વામી હરિસ્વરૂપદાસજી

# અવિરત સત્સંગ પોષક સંમેલનો


શિબિર - ૨૦૦૮ છપૈયા


શિબિર - ૨૦૧૦શ્રી હરિતપોવન ગુરૂકુલ


શિબિર - ૨૦૧૧ ગાંધીધામ ગુરૂકુલ


શિબિર - ૨૦૧૨ - ભુજ

સત્સંગની દૃઢતા અખંડ રહે અને ખાસ કરીને આ લોભામણા અને કપરાકાળમાં યુવાનો ભટકી ન જાય, કુમાર્ગે ફંટાઈ ન જાય, સત્સંગથી વિમુખ ન થઈ જાય એ માટે શ્રી નરનારાયણદેવ ભુજધામના સમર્પિત સંતો અને પ.પૂ. મહંતસ્વામીશ્રી સતત સત્સંગ અને દેશના યુવાધન ભાવિ નાગરિકો એવા યુવાનોના આધ્યાત્મિક, સાંસ્કૃતિક, વૈચારિક અને સાંસારિક ઉત્કર્ષની ખેવના રાખતા હોય છે. સત્સંગીઓના બાળકો-યુવાનો સત્સંગી જ રહે બને તેનું જ ચિંતન કરતા હોય છે. યુવાનોની શ્રી નરનારાયણ દેવમાં શ્રદ્ધા અને નિષ્ઠા અખંડ રહે તે અર્થે સાંસ્કૃતિક-ધાર્મિક, આધ્યાત્મિક પ્રવૃતિઓની ભરમાર રાખતા હોય છે. સંસારમાં પરોવાયેલા યુવાનોને સાંસારિક ઘટમાળમાંથી થોડો અવકાશ અપાવી દર વર્ષે ચૈત્ર વદ અમાસના દિને યુવા સત્સંગ સંમેલનનું આયોજન ભુજધામના વરિષ્ઠ સંતો અને યુવા સંતો દ્વારા કરાતું હોય છે.

સંતોના સાંનિધ્યમાં યોજાતા સંમેલનમાં એકઠા થતા યુવાનોને સમૂહમાં સારી ઊર્જાની પ્રાપ્તિ થાય છે. સદ્‌વિચારો અને સદ્‌પ્રવૃતિઓની ભરમાર રહેતી હોવાથી નબળા અને દુર્વિચારોને પ્રવેશવા જ મળતું નથી અને અંતરમનમાં રહેલા નબળા અને દુર્વિચારો સદ્‌વિચારોના આક્રમણથી પલાયન થઈ જતા હોય છે.

વળી આ સંમેલનનું આયોજન પણ શ્રી નરનારાયણ દેવના પાટોત્સવના પ્રથમ દિને જ થતું હોવાથી શ્રી નરનારાયણદેવ પ્રત્યેની પ્રીતની વૃદ્ધિ થાય છે.

સત્સંગ તો વારંવાર અનેકવાર નિયમિત સત્સંગીઓના સંતાનો કરતા જ હોય છે. પણ સંમેલનમાં સમૂહ સાધના થતી હોય છે અને પ્રચંડ માત્રામાં સારી ઊર્જા ઉત્પન્ન થતાં યુવાનોમાં પણ નવી ઊર્જાનો સંચાર થવા માંડે છે.

સંમેલનમાં અનેક જગ્યાએથી-ગામે ગામથી અલગ અલગ પ્રદેશોમાંથી- દેશ વિદેશમાંથી યુવાનો આવતા હોય છે તેથી યુવાનોને નવા વિચારોના આદાન પ્રદાનની સારી તકો પ્રાપ્ત થાય છે. નવી ઊર્જાનો સંચાર થાય છે. અલગ પોષાક-વિચારસરણી-રીતરિવાજ, ભાષા-ઉચ્ચારોથી



શિબિર - ૨૦૧૩ - ભુજ દશાબ્દિ શિબિર



શિબિર - ૨૦૧૪



શિબિર - ૨૦૧૫



શિબિર - ૨૦૧૬
શ્રી સહજાનંદ ગુરૂકુલ - માનકુવા




૧૦ મો બાલ મંચ

પરિચિત થવાય છે. જ્ઞાનમાં વૃદ્ધિ થાય છે. સહજીવનના પાઠ શીખવાય છે. શિસ્તના પાઠ શીખવાય છે. સત્સંગમાં ઉત્તરોત્તર વૃદ્ધિ થાય છે. દર વર્ષે સંમેલન યોજવાથી ક્યાંક કાંઈક કચાસ રહી ગઈ હોય તેની પૂર્તિ થાય છે. અધૂરાશોની પૂર્તિ થાય છે. આ રીતે યુવાનોમાં સત્સંગની અભિવૃદ્ધિ કરવા, સત્સંગ પ્રત્યેની નિષ્ઠા ટકાવી રાખવા, દર વર્ષે યુવા સત્સંગ સંમેલનનું આયોજન ભુજધામ શ્રી નરનારાયણદેવના ચરણોમાં કરવામાં આવે છે.

અત્યાર સુધીમાં યોજાયેલ યુવા સંમેલનો, પ્રાંતીય શિબિરો, પ્રશિક્ષણ શિબિરો, રાત્રીય સભાઓની માહિતી સાથે યુવાનો નિવાસી શિબિરો રમત-ગમત, સત્સંગ પ્રવાસો, દેશભાવના ભરવા ભારતની બોર્ડરોના પ્રવાસો પણ સંતો સાથે કરતા હોય છે. આ રીતે યુવાવર્ગમાં ભક્તિભાવ સાથેની આત્મજાગૃત્તિ અને સદાચારી સંસ્કારી સમાજનાં નિર્માણ તથા ઉજ્જ્વળ ભવિષ્ય માટે અવિરત કાર્યો સંતો દ્વારા યુવક મંડળના માધ્યમથી તથા રહે છે. જેની આછેરી વિગત નીચે આપી છે.

શ્રીજી મહારાજે આપેલ શ્રી નરનારાયણદેવને વિષે નિષ્ઠા અને સાચી ઉપાસનાની દૃઢતા કરાવવી એ ઉદેશ છે. યુવાનોમાં સંપ, એકતા અને ભારતીય સંસ્કૃતિ, સંસ્કારો સાથે બ્રહ્મરૂપ થઈ શ્રીજી મહારાજનું ભજન કરવું એ જ ફળશ્રુતિ છે. જેમાં આજે કચ્છ પ્રદેશમાં, કચ્છ સિવાય ગુજરાત તથા ભારતના અનેક પ્રદેશોમાં, ઓસ્ટ્રેલિયા, યુરોપ, પૂર્વ આફ્રિકા, યુગાન્ડા, ટાંઝાનિયા, ગાંબીયા, દક્ષિણ આફ્રિકા, કેનેડા, શિશેલ્સ, - પંચ વર્ષીય યાત્રા શિબિર છપૈયા, - કચ્છ યાત્રા, દશાબ્દી મહોત્સવ આંતરરાષ્ટ્રીય યુવા શિબિર, પ્રાંતિય શિબિરો, નિવાસી શિબિરો, સત્સંગ પ્રશિક્ષણ શિબિરો, રાત્રીય સભાઓ, યુવા સંમેલનો, સાંખ્યયોગી બહેનો દ્વારા યુવતી સંમેલનો, બાલમંચ, બાલિકા મંચ, રક્તદાન શિબિર, રક્ત નિદાન શિબિર, વૃક્ષારોપણ, દુષ્કાળમાં ગાયોને નિરણ, વિકલાંગ તથા જરૂરતમંદોને અન્ન-વસ્ત્રદાન, વ્યસનમુક્તિ અભિયાન, કચ્છના ગામડાઓમાં ગરીબ વિદ્યાર્થીઓને અભ્યાસ કીટ વિતરણ, માસ્ટર ડીગ્રી પ્રાપ્ત કરેલ યુવાનો-યુવતીઓને પ્રોત્સાહન-સન્માનપત્રો, ગ્રામ્ય-શહેર સફાઈ સેવા, ક્રિકેટ-વોલીબોલ સ્પર્ધા, ઉત્તર ભારત યાત્રા, દક્ષિણ ભારત યાત્રા, દર વર્ષે કરવામાં આવે છે.









## દેશ - વિદેશોમાં પંદર વર્ષ દરમ્યાન યુવક યુવતી મંડળ દ્વારા થયેલ આયોજનો

| | |
|---|---|
| રક્તદાન શિબિર | ૫૫ |
| રક્ત નિદાન શિબિર | ૭૫ |
| વૃક્ષારોપણ | ૧૧૭૦૦૦ |
| દુષ્કાળમાં ગાયોને નિરણ | |
| વિકલાંગ તથા જરૂરતમંદો પરિવારને અન્ન-વસ્ત્રદાન | ૧૩૦૦ |
| વ્યસનમુક્તિ અભિયાન | ૪૩૦૦૦ |
| કચ્છના ગામડાઓમાં ગરીબ વિદ્યાર્થીઓને અભ્યાસ કીટ વિતરણ | ૧૪૫૦૦ |
| માસ્ટર ડીગ્રી પ્રાપ્ત કરેલ યુવાનો-યુવતીઓને પ્રોત્સાહન-સન્માનપત્રો | ૬૩૫ |
| ક્રિકેટ-વોલીબોલ કબ્બડી સ્પર્ધા ૧૨૪ ટીમ | ૧૨૦૦ ખેલાડી |
| ઉત્તર ભારત યાત્રા | |
| દક્ષિણ ભારત યાત્રા | |
| યુવક યુવતી સંમેલનો | ૧૧૩ |
| પ્રાદેશિક શિબિરો | ૨૬૮ |
| નિવાસી શિબિરો | ૨૨૫ |
| કાર્યકર્તા શિબિરા | ૧૮ |
| સત્સંગ ઉત્સાહ વર્ધક કાર્યક્રમ | ૧૪૫૨ |
| સંત શિબિરો | ૫ |
| બાલમંડળ સંચાલક પ્રશિક્ષણ શિબિરો | ૧૪ |
| બાલ બાલિકા મંચ | ૫૩ |
| બાલ - બાલિકા સામાન્ય કાર્યક્રમો | ૧૭૮૪ |

# ભુજ મંદિરનું અભિન્ન અંગ

શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપાથી તેમજ દીર્ઘદૃષ્ટા વડીલ સંતોની પ્રેરણાથી કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અસ્તિત્વમાં આવ્યું. સંપ્રદાયના સિદ્ધાંતોને વરેલા અને સંપ્રદાયની અસ્મિતાની ગરિમામાં અભિવૃદ્ધિ કરનાર આ યુવક મંડળની અનેકવિધ બાબતોથી આ અંક વાંચનાર અવશ્ય અવગત થશે. આ યુવક મંડળ વડીલ સંતોનાં માર્ગદર્શન તેમજ યુવા સંતોના અવિરત પરિશ્રમના કારણે શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજનું અભિન્ન અંગ બની ગયું છે. શિક્ષાપત્રીની શીખ (બોધ)ને જીવનમાં વણી લઈ વચનામૃતનાં વચનોને અનુસરતી યુવાપેઢીની સહજાનંદી સિંહની આખી ફોજ એટલે આ યુવક મંડળનું ધર્મનિષ્ઠ અને કર્મનિષ્ઠ યુવાધન! આ યુવક મંડળનું સંચાન ભુજ મંદિર દ્વારા થાય છે. ભુજ મંદિરની આ એક અજોડ અને અદ્‌ભુત પ્રેરણાદાયક પ્રશંસનીય પ્રવૃત્તિ છે. પરિણામ સ્વરૂપ આ યુવક મંડળના યુવા સભ્યો મંદિરની આજ્ઞા અનુસાર સમાજના અનેક ક્ષેત્રોમાં પોતાની આવડત, સૂઝ, કૌશલ્ય, સામર્થ્ય અને સહકારથી ભુજ મંદિરનાં સત્કાર્યો સુગંધ દશે દિશામાં પસરાવીને તથા સંતોની આજ્ઞાને અનુસરીને હિન્દુ ધર્મની ગરિમા વધારે છે.

જીવદયાની પ્રવૃત્તિઓ હોય, માનવ સ્વાસ્થ્યની બાબત હોય, કુદરતી કોપથી આવી પડેલ સંકટની વિકટ પરિસ્થિતિ હોય, રાષ્ટ્રીય પ્રવૃત્તિ હોય, દેશપ્રેમની વાત હોય, સત્કાર્યોમાં સાથ સહકારની આવશ્યકતા હોય કે પછી મંદિરનાં ધાર્મિક ઉત્સવો, કથા પારાયણો અને સત્સંગની પ્રવૃત્તિઓ હોય આ બધી બાબતોમાં આ મંડળનું યુવાધન ઉત્સાહ અને ઉમંગભેર સેવા કરવા તત્પર હોય છે. યુવાધનમાં આ જાતની વૈચારિક પરિપક્વતા અને માનવમૂલ્યોની સમજ સાથેની સહકારવૃત્તિ ભુજ મંદિરના પ્રયત્નોનું પરિણામ છે. આ રીતે યુવક મંડળ દ્વારા ભુજ મંદિરની સર્વવ્યાપકતાથી સૌ કોઈ પ્રભાવિત છે. આ રીતે યુવક મંડળે પ્રતીતિ કરાવી છે કે કચ્છ શ્રી નરનારયણદેવ યુવક મંડળ શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજનું અભિન્ન અંગ છે.



યુ.કે. શિબિર


યુ.કે. શિબિર


ભુજ મંદિર દ્વારા ભેડિયાબેટ હનુમાનજી મંદિર જીર્ણોદ્ધાર ભારત - પાકિસ્તાન બોર્ડર









# યુવક મંડળની સ્થાપના અને નામાભિધાન

દેશ-સમાજનું માપ તેની પાસે યુવાધન કેટલું અને કેવું છે એના પરથી નીકળે છે. કેટલાક દેશોમાં આરોગ્યની સિદ્ધિ અને જન્મના પ્રમાણની અટકાયતને કારણે વૃદ્ધોની સંખ્યા વધી જવાના કારણે એક સમસ્યાનું નિરાકરણ કરવા જતાં અન્ય સમસ્યાઓ વિશાળ અને વિકરાળ સ્વરૂપે ઉદ્‌ભવી છે અને એ દેશો પાછા વિકસીત દેશમાંથી વિકાસશીલ દેશની યાદીમાં આવી ગયા છે. આધ્યાત્મિક, સાંસ્કૃતિક, આર્થિક વિકાસમાં યુવાનોનો ફાળો અધિક હોય છે. એ વાત શ્રી નરનારાયણદેવ ભુજ ધામના વરિષ્ઠ સંતો, પ.પૂ. મહંત સ્વામીશ્રીને સુપેરે સમજાઈ અને કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સ્થાપનાના વિચારબીજની વાવણી થઈ. આ નામ રાખવાનું કારણ પણ અજબનું છે. દેવ પ્રત્યેની માત્રને માત્ર દેવ પ્રત્યેની નિષ્ઠા જ અખંડ રહે અવિચળ રહે એ ઉદાત્ત ભાવનાને વરેલા ભુજ ધામના પ.પૂ. મહંત સ્વામીશ્રી, વરિષ્ઠ સંતો તથા સૌ સંતોએ વ્યકિત પૂજાને તિલાંજલી આપી શકાય એવા ઉમદા હેતુને જ સાકાર કરવા આવું નામ રાખેલ છે.

યુવક મંડળના સંચાલક સંતો પોતાનું મહત્ત્વ પ્રસ્થાપિત ન થાય પણ એક જ લક્ષ્ય શ્રી નરનારાયણદેવ જ રહે એવું વિચારેલ અને આજ સુધી એ જ હેતુને વળગી રહેલ છે. ભુજ ધામના સૌ સંતો માત્રને માત્ર પ્રભુભક્તિના લક્ષ્યને વળગી રહ્યા છે. સેવા ભાવનાને જ વળગી રહ્યા છે. સંસ્કાર પ્રસાર અને પ્રચાર યુવક મંડળના માધ્યમથી સૌ સંતો કરી રહ્યા છે. એમની ઉચ્ચત્તમ પ્રવૃત્તિના કારણે એમનું નામ થાય તે સ્વભાવિક છે પણ ભુજધામના નિર્મોહી સંતો પોતાના નામને મહત્ત્વ આપવાને બદલે જળ કમળ વત્ રહીને નિરમાની રહીને યુવક યુવતીઓનું ધ્યાન-સાધના-પ્રવૃત્તિ નરનારાયણદેવને કેન્દ્રમાં રાખીને કરાવે છે. કોઈ વ્યકિત વિશેષ નહીં પણ શ્રી નરનારાયણદેવ જ સર્વોપરી છે એ વાતનો સદા સર્વદા ખ્યાલ રાખીને એ જ ભાવ યુવક યુવતીઓમાં ભરવાનો અથાક પ્રયાસ સમ મહાયજ્ઞ શ્રી ભુજધામના સૌ સંતોએ આદર્યો છે. વ્યકિતનું મહત્ત્વ વધે તો દેવ તરફથી લક્ષ્ય ફંટાય અને કાળક્રમે ચીલો પડી જાય વ્યકિત પૂજાનો.

''હું કરું હું કરું એજ અજ્ઞાનતા શકટનો ભાર જેમ શ્વાન તાણે '' સમગ્ર સૃષ્ટિનું સંચાલન તો પરમકૃપાળુ પરમાત્મા શ્રીહરિ કરે છે. પણ આ મેં કર્યું તે મેં કર્યું નો અહમ્ ભાવ આવી જાય છે. આવો કોઈ પણ અહમ્ ભાવ આ જીવમાં પગપેસારો ન કરી જાય એ બાબતનો ખ્યાલ રાખીને જ 'કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ' નામ રાખવામાં આવ્યું છે. સંચાલક સંતો પણ નિર્મોહી રહી શકે. નામ તો અંતે નામશેષ થવાનું છે વ્યકિત કે વ્યકિત વિશેષનું. સનાતન સત્ય તો પ્રભુનામ શ્રી હરિનું નામ જ છે. માત્ર સંતોને જ અહમ્‌ભાવ ન આવે તે માટે જ નહીં પરંતુ આ મંડળમાં જોડાનાર પ્રત્યેક યુવક યુવતીઓ પણ આ બાબત પર લક્ષ્ય કેન્દ્રીત કરે. પ્રભુ જ સર્વશ્રેષ્ઠ છે અને એ સદાય અવિસ્મરણીય બને તે માટે જ વરિષ્ઠ સંતો અને પરમ પૂ. મહંત સ્વામીશ્રી એ વિચારમંથન કરીને આ નામની પસંદગી કરી છે.

'કચ્છ' શબ્દ રાખવા પાછળનું કારણ પણ અનેરું જ છે. સત્સંગ તો વિશ્વમાં બધે જ વ્યાપ્ત છે. પરંતુ કચ્છનો સત્સંગ કપરા કળીકાળમાં પણ એવોને એવો નિર્મળ રહ્યો છે જેવો શ્રીહરિએ પ્રવર્તાવ્યો હતો. કચ્છ ભુજધામના સંતો હજુ એવા જ નિર્માની-નિર્મોહી રહ્યા છે અને સત્સંગીઓ પણ પૂર્ણ નિષ્ઠાથી ધર્માવલંબન આચરે છે, દશાંશ કાઢે છે, પૂજા, પાઠ, દેવદર્શનમાં નિયમિત છે. અખાદ્ય પદાર્થોનો ત્યાગ કરે છે. સત્સંગ,સંતો, આચાર્ય અને દેવમાં અખંડ નિષ્ઠા અને શ્રદ્ધા ધારી રહે છે. માટે જ દેશવિદેશ સર્વત્ર કચ્છનો સત્સંગ વખણાય છે. યુવક યુવતીઓ પોતે આ ઉત્તમ સત્સંગમાં અને એના મંડળના પોતે સભ્ય છે એ હર હંમેશ યાદ રાખે એ માટે જ 'કચ્છ' શબ્દ રાખેલ છે.

કચ્છની આગવી ઓળખ ઊભી થાય એ માટે કચ્છના યુવક મંડળનું 'કચ્છ શ્રી નરનારાયણ દેવ યુવક મંડળ' એવું નામ રાખવામાં આવેલ છે.





## પંચદશાબ્દી સત્સંગ શિબિર-હરિદ્વાર ૨૦૧૮

# મોક્ષદ્વારમપાવૃતમ્




ભુજ નગર નિવાસી શ્રી નરનારાયણ આદિ દેવોની પૂર્ણ કૃપા અને મહંત સ્વામી આદિ વડીલ નાના મોટા તમામ સંતોના રૂડા આશીર્વાદથી હરિદ્વાર મધ્યે કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના પંચદશાબ્દી વર્ષના ઉપક્રમે પંદરમી શિબિર ઉજવાઈ ગઈ.

મહંત સ.ગુ. સ્વામી હરિસ્વરૂપદાસજી, સ.ગુ.સ્વામી ધર્મકિશોરદાસજી આદિ વડીલ સંતો દ્વારા સ્થપાયેલ શ્રી નરનારાયણદેવના દીકરા દીકરીઓ માટે કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળની અણમોલ ભેટ કચ્છના સત્સંગને મળી. આજથી ૧૫ વર્ષ પહેલાં ભાદરવા સુદ-૧૫ ૨૦૦૩ ના રોજ આ યુવક મંડળની સ્થાપના થઈ અને ૨૫ જેટલા સંતો ૫ વડીલ સંતો સાથે રહીને સમગ્ર કચ્છમાં અને જ્યાં જ્યાં કચ્છના સત્સંગીઓ છે ત્યાં ત્યાં જઈ યુવક મંડળની રચના કરવામાં આવી અને આ સંગઠન મજબૂત થાય, સુવ્યવસ્થિત લાંબા સમય સુધી ચાલે અને યુવાનોમાં સત્સંગનું બળ મળતું રહે એવા હેતુથી અનેકવિધ કાર્યક્રમો યોજાયા. તેમજ વિદ્વાન સંતો દ્વારા સુચારુ સંચાલન વ્યવસ્થા ઊભી કરાઈ.

જ્યારે પ્રથમ યુવા સંમેલન થયું ત્યારે ૫૦૦૦ હજાર યુવાનો શ્રી નરનારાયણદેવના આંગણામાં હાજર થયા ત્યારે મોટા સંતોના હૃદયમાં હાશકારો થયો કે આવી રીતે આ યુવાનો પોતપોતાના ગામમાં દર રવિવારે કે અઠવાડીયામાં ૧ દિવસ ભેળા થાય અને કથાવાર્તા કરે તો મહારાજ બહુ રાજી થાય. આ વિચારોથી જ આ યુવક મંડળની સભાને બળ મળ્યું અને મળતું રહે છે.

આ યુવક મંડળને ૫ વર્ષ થયાં ત્યારે સંતોની આજ્ઞાથી યુવાનો સાથે છપૈયામાં ૫ દિવસની શિબિર સહયાત્રાનું આયોજન






કરવામાં આવ્યું હતું. અને જ્યારે ૧૦ વર્ષ થયાં ત્યારે કન્યા વિદ્યામંદિરમાં પંચદિવસીય નિવાસી શિબિરનું આયોજન કરવામાં આવ્યું અને ૧૧મી શિબિરમાં એવો આભાસ જણાયો કે માત્ર યુવાનો આગળ વધશે અને યુવતીઓને સત્સંગનું બળ નહિ મળે તો અવ્યવસ્થા સર્જાશે એટલે પૂ. મહંત સ્વામીની આજ્ઞાથી સાં.યો. મહંત સામબાઈ ફઈ તથા કચ્છના મોટેરા સાં.યો. બહેનોની હાજરીમાં યુવતી મંડળની સ્થાપના કન્યાવિદ્યા મંદિરમાં થઈ અને જે રીતથી યુવાનો સભા કરે તે જ રીતથી યુવતીઓ સભાઓ કરે અને આમ સભા ચાલવા લાગી અને લાભ પાંચમ વાર્ષિક શિબિરમાં યુવાનો યુવતીઓ હજારોની સંખ્યામાં ભાગ લે છે. આ રીતે ૧૨-૧૩-૧૪મી શિબિર ભવ્ય રીતે ઉજવાઈ.

૧૫મી શિબિર કરવાની હતી ત્યારે સંતો તથા યુવાનોને ઈચ્છા થઈ કે કચ્છથી બહાર મોટા પ્રમાણમાં આયોજન કરીએ એટલે યુવક મંડળના કાર્યકર્તા સંતો, વડીલ સંતો પૂજ્ય મહંત સ્વામી આદી વડીલ સંતો પાસે રજુઆત કરી અને સંતોએ આશીર્વાદ સાથે અનુમતિ આપી અને તૈયારીઓ શરૂ થઈ.

મોટું કાર્ય ૧૫ સોથી ૨ હજાર યુવાનો યુવતીઓનો સમાવેશ થાય એવી જગ્યા જોવા માટે સંતો હરિદ્વાર ગયા ત્યાં પ્રેમનગર આશ્રમ જોયો, પસંદ આવ્યો નક્કી થયું અને ૬ મહિના અગાઉ દેશ-વિદેશના ભક્તો ભાગ લઈ શકે એવી વ્યવસ્થાઓ નક્કી કરાઈ. ભાદરવા વદ-૨ તા.૨૭/૯/૨૦૧૮ થી ૧/૧૦/૨૦૧૮ પાંચ દિવસનો કાર્યક્રમ નક્કી થયો.

સંતો-યુવાનો શિબિરની તૈયારીમાં લાગી ગયા.


સંતોએ શ્રીહરિની વાણી વચનામૃત ગ.પ્ર.પ્ર.૫૪માં કપીલગીતાના શ્લોકને પસંદ કરી મોક્ષનું દ્વાર ઉઘાડું કેમ થાય આવા હેતુથી આ શ્લોકને પસંદ કરી ભગવાન અને ભગવાનના એકાંતિક સંતો જ મોક્ષનો દરવાજો ખોલી શકે એજ દ્વાર છે આ વિષય દરેક શિબિરાર્થીઓમાં દ્રઢ થાય આવા સંકલ્પો સાથે તૈયારીઓ થઈ. ૨૩/૯/૧૮ ના ૧૦ બસો હરિદ્વાર જવા નીકળી અને ૧૨ બસો ૨૪/૯ ના નીકળી સૌ શિબિરાર્થીઓ પોતપોતાની સગવડે કોઈ ટ્રેઈનમાં કોઈ પ્લેનમાં, કોઈ પોતાના પ્રાઈવેટ વાહનોથી ત્યાં હરિદ્વાર પહોંચ્યા.

તા.૨૬ના શ્રી સ્વામિનારાયણ મંદિર, દક્ષ મંદિર, બિલ્કેશ્વર મહાદેવ મંદિર, ઋષિકેશમાં લક્ષ્મણ ઝુલા તથા ધ્રુવ તપસ્થલી વગેરેનાં દર્શન કરી હરકી પેડી બ્રહ્માંડઘાટમાં સર્વે સ્નાન કરી ગંગા આરતીનો સૌએ લાભ લીધો.

તા.૨૭ના સવારે પ્રાતઃ પૂજા, કથા બાદ અલ્પાહાર કરી આશ્રમને અડીને વહેતી ગંગા નદીને કિનારે સૌ સંતો, યુવાનો, સાં.યો બહેનો કર્મયોગી બહેનો ભેગા થયા શ્રી ઠાકોરજીને પાલખીમાં પધરાવી મોટા સંતો દ્વારા પૂજન કરવામાં આવ્યું અને સંતો દ્વારા ગંગા જળનો છંટકાવ, સંજવારાથી રસ્તાની સફાઈ , છત્ર-ચામર, અબ્દાગરી વગેરે દ્વારા પવિત્ર ભૂદેવોના મુખેથી નીકળતા વેદ મંત્રો તથા સ્વામિનારાયણ મહામંત્રની ધૂન સાથે રસ્તામાં પૂજન કરતા કરતા મુખ્ય સભા સ્થાન શ્રી ગોવર્ધનહોલમાં







શ્રી ઠાકોરજીની પધરામણી કરવામાં આવી અને પ્રારંભે ૩ દીપોનું સંતો, સંયોજકો અને કાર્યકર્તા સંતો દ્વારા દીપ પ્રાગટ્ય થયું. બહેનોના વિભાગમાં સાં.યો બહેનોએ દીપપ્રાગટ્ય કર્યું.

પાંચ દિવસની શિબિરના પ્રારંભે સ્વામી શ્રી હરિદાસજીએ કહ્યું આપણું લક્ષ્ય નવધા ભક્તિ સિદ્ધ કરી દશમી પ્રેમલક્ષણા ભક્તિ પ્રાપ્ત કરવાનું હોવું જોઈએ એ આ શિબિરના માધ્યમથી થશે.

શિબિરનું ગીત 'સંતે તે સ્વયં શ્રી હરિ' સંગીતજ્ઞ સંતોએ વાજીંત્રો સાથે રજૂ કર્યું. દેશ-વિદેશથી પધારેલા પ્રતિનિધિઓ અને સંયોજકોએ પધારેલા ૧૨૦ સંતોનું ફૂલહારથી સ્વાગત કર્યું.

દરરોજના ક્રમ પ્રમાણે પ્રથમ દિવસે સ્વામી ઘનશ્યામનંદનદાસજીએ હરિદ્વારનો મહિમા સમજાવ્યો હતો. બીજે દિવસે સ્વામી બ્રહ્મમુનિદાસજીએ મુમુક્ષુ, મોક્ષની અનિવાર્યતા વિષયે સમજૂતી આપેલી ૩ જા દિવસે પાર્ષદ ખીમજી ભગતે સ્વ વખાણણાં ન અટવાતાં સ્વની ખોજ કરજો તો સંત મળશે અને પછી જ ભગવાન મળશે. ત્યારબાદ ચોથા દિવસે ગંગા કિનારે શ્રાદ્ધનો સમય હતો ૬૦૦ થી વધુ યુવાનો પોતાના પિતૃઓનું શ્રાદ્ધ કરી પીંડ અર્પણ કરી પિતૃઓને તૃપ્ત કર્યા હતા.

આ બાજુ સાં.યો. બહેનો ચોથા દિવસનું સવારનું સત્ર સંભાળ્યું હતું અને બહેનોને બળ અને શ્રી નરનારાયણદેવની નિષ્ઠા અને ભુજ મંદિરના સંતોનું મહત્ત્વ સમજાવ્યું હતું. મહંત સામબાઈ ફઈ પણ ફોન દ્વારા ભલામણ કરી બહેનોને સત્સંગનું બળ આપ્યું હતું. બપોર પછીના ભાગમાં રોજ પૂ. સ્વામી પરમહંસદાસજી અલગ અલગ વિષયો ઉપર દૃષ્ટાંતો સાથે કથા સંભળાવી યુવાનો-યુવતીઓને અક્ષરધામમાં જવા માટે તૈયાર કર્યા હતા. દરરોજ સવારે પ્રાતઃ પૂજા થતી, સંતો શીખવતા, સવારની આરતી બાદ વચનામૃતની કથામાં અલગ અલગ વક્તાઓ પોતાની વાણીનો લાભ આપતા. પૂ. સ્વામી શ્રી હરિદાસજી સ્વામી ભગવદજીવનદાસજી, સ્વામી ભક્તવત્સલદાસજી સ્વામી, રામકૃષ્ણદાસજી આદિ. સાંજની કથામાં પણ અલગ અલગ સંતો કથા સંભળાવતા. પાંચમા દિવસે શાસ્ત્રી સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી ગીતાના શ્લોક ઉપર પોતાના મનનીય પ્રવચન દ્વારા મુમુક્ષુઓને મુક્ત થવા માર્ગ બતાવ્યો હતો.

પધારેલા સંતોમાં સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજી, સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજી, સ્વામી નારાયણમુનિદાસજી, સ્વામી વિશ્વવલ્લભદાસજી સ્વામી દેવપ્રકાશદાસજી, સ્વામી મહાપુરુષદાસજી આદિ સંતો આ શિબિરમાં પધારેલ યુવાનોને સત્સંગની બળભરી વાતો કરી મોક્ષના દ્વારભૂત સંતો છે આ વાતની દૃઢતા કરાવી હતી. સ્વામી હરિપ્રસાદદાસજી,સ્વામી શ્યામકૃષ્ણદાસજી, સ્વામી હરિસ્વરૂપદાસજી, સ્વામી કૃષ્ણવલ્લભદાસજી આદિ સંતો સાંજની કથા સંભળાવી હતી.

શિબિર દરમ્યાન ગંગાપૂજન તથા ગંગા આરતીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. પંદર વર્ષ યુવકમંડળને થતાં ૧૫ આરતી તથા યુવતી મંડળને ૫ વર્ષ થતાં બહેનો વિભાગમાં ૫ આરતી, શંખ, ઝાલર વગેરે દ્વારા પૂજન સાથે મહાઆરતી કરવામાં આવી હતી. આ બધા જ આયોજનોમાં દરેકને ખૂબ જ આનંદ હતો અને અહો ભાવ હતો.







આ શિબિરમાં સંતોના આશીર્વાદ સાથે દેશ-વિદેશના યુવાનોના મંતવ્યો પણ રજૂ થયાં હતાં. કેટલાક યુવાનો પોતાના જીવનમાં મોંઘાદાટ વ્યસનો આણી યુવક સભામાં જોડાયા પછી સંતોના આશીર્વાદથી છૂટી ગયાં આવી વાત જણાવી બીજાને પ્રેરક બન્યા હતા.

આ શિબિરમાં પાંચ દિવસ રસોડની સેવા માંડવી વિસ્તારના હરિભક્તો તથા માધાપરની બહેનોએ સાથે મળી ખૂબ જ સરસ રીતે સંભાળી સવારે, બપોરે, સાંજે, નાસ્તો, ભોજનની તૈયારી કરી હતી.

સત્સંગીઓ સાથે ગ્રુપ ફોટાનું સેશન પણ આનંદદાયક હતું. સંતો અને યુવકો સાં.યો બહેનો અને યુવતીઓ ક્રમવાર ગોઠવાયેલ જોઈને જ આનંદ થતો હતો. અને ૪ થા દિવસે અદ્‌ભુત મહારાસનો પણ આનંદ સર્વ સંતો-ભક્તો પોતાની મર્યાદામાં રહીને સાં.યો.બહેનો-બહેનોએ લીધો હતો.

શિબિરાર્થી સંતો અને હરિભક્તોને રહેવાની વ્યવસ્થા પ્રેમનગર આશ્રમમાં હતી અને બહેનોની રહેવાની વ્યવસ્થા અવધૂત મંડળ આશ્રમમાં રાખેલ હતી અને સાં.યો. બહેનો કનખલ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં રોકાયાં હતાં.

સભામાં બેસવા માટે પણ સત્સંગની સંપૂર્ણ મર્યાદા જળવાય એવી વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. ગંગા સ્નાનનો લાભ અલગ અલગ દિવસે સંતો-ભક્તો, સાં.યો બહેનો કર્મયોગી બહેનોએ લીધો હતો. અને દરરોજ જનમંગળના પાઠ સમૂહમાં થતા તેનો લાભ સૌ શિબિરાર્થીઓએ લીધો હતો. ૧૬૦૦ની સંખ્યા શિબિરાર્થીઓની હતી એટલે ખૂબ જ ભજન પણ થયું હતું સવારે અને બપોરે સ્વામી ગોલોક વિહારીદાસજી આદિ સંગીત મંડળીના સંતો દ્વારા કીર્તનભક્તિની રમઝટ જામતી એનો નઝારો કાંઈ અલગ હતો.

## સમૂહ તીર્થ શ્રાદ્ધ

માનવ પર ત્રણ પ્રકારનાં ઋણ હોય છે, ગુરુઋણ, પિતૃઋણ અને દેવઋણ. હિન્દુધર્મમાં દર્શાવેલી પરંપરાનુંસાર પિતૃઋણ શ્રાદ્ધ દ્વારા ચૂકવી શકાય. શ્રદ્ધા વિના શ્રાદ્ધ ન થાય તે વાત પાયાની છે, તેથી શ્રાદ્ધ ક્રિયા સંપૂર્ણ શ્રદ્ધા સાથે કરવી આવશ્યક છે. શ્રાદ્ધ ક્રિયા માટે ગંગા નદીનો કિનારો ઉત્તમ સ્થળ છે. હરિદ્વાર શિબિરમાં પધારેલા યુવાને શ્રાદ્ધ કરી પિતૃઋણમાંથી મુક્ત થવાનો અનેરો અવસર પ્રાપ્ત થયો. લગભગ ૬૦૦ થી વધુ શિબિરાર્થી યુવકોએ પવિત્ર ગંગા નદીના કિનારો ભૂદેવોના શાસ્ત્રોક્ત મંત્રો સાથે શ્રદ્ધાપૂર્વક શ્રાદ્ધ ક્રિયા કરી પિતૃતર્પણ કર્યું. નવરાત્રિ અને દિવાળી જેવા ઉત્સવો નજીક હોવા છતાં ૨૦૦ જેટલા યુવકોએ મૂંડન કરાવી આ ક્રિયાને યથાયોગ્ય રીતે સંપન્ન કરી પિતૃઋણમાંથી મુક્ત થયા. તિલક-ચાંદલો કરવામાં પણ ક્ષોભ અનુભવતા સામાન્ય યુવાનો માટે આ સહજાનંદી સિંહ જેવા યુવાશિબિરાર્થીઓ સનાતન હિન્દુધર્મના ગૌરવના સંદેશવાહકની ભૂમિકા ભજવે છે.

શિબિરમાં શાસ્ત્રી કૃપાલ મહારાજ ભુજ, શાસ્ત્રી સુરેશ મહારાજ રામપર, શાસ્ત્રી જલદીપ મહારાજ - માંડવી, ગોર રમણીક મહારાજ - ભુજ આ ૪ ભૂદેવો દરેક કાર્યમાં જોડાયા હતા.

## પંચદશાબ્દી શિબિર : હરિદ્વાર-સાફલ્યના સહયોગીઓ

કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના પંચદશાબ્દી વર્ષના ઉપક્રમે પવિત્ર તીર્થસ્થાન હરિદ્વાર મધ્યે યોજાયેલ આંતરરાષ્ટ્રીય મહાશિબિર ચિર સ્મરણીય રહેશે. શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજના આ યુવક મંડળના ઈતિહાસમાં આ મહાશિબિર એક સીમાચિન્હ રૂપ ઘટના છે. શિબિરના સાફલ્યહિતાય નાનામાં નાની બાબતોને નજર સમક્ષ રાખી હરિભક્તોના સહકારથી સંતોએ જે જહેમત ઉઠાવી હતી.

# પ્રતિભાવો



આપણી શિબિરની તસ્વીરો તથા હાઈલાઈટ મીડિયાના માધ્યમે પૂજ્ય મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજીને જાણ થઈ તો પૂ. મોટા મહારાજે ફોન કરીને પોતાનો અંતરનો રાજીપો વ્યક્ત કર્યો કે આટલા દૂર આવડું મોટું આયોજન અને સફળ આયોજન જોઈ અમો ખૂબ રાજી થયા છીએ. પૂ. મહંત સ્વામી તથા યુવક મંડળના સંતોને અંતરથી ખૂબ ખૂબ ધન્યવાદ આવાં આયોજનો આગળ થતાં રહે એવી શ્રી નરનારાયણદેવને પ્રાર્થના કરી શુભેચ્છા પાઠવી હતી.

– પૂ. મોટા મહારાજશ્રી



**આનંદની અભિવ્યક્તિ સાથે આશિષ**

યુવક મંડળના પંચદશાબ્દી વર્ષ નિમિત્તે હરિદ્વાર મધ્યે યોજાયેલ શિબિર અનવ્યે પ્રાતઃસ્મરણીય મહંત સ.ગુ.પુરાણી સ્વામી શ્રી ધર્મનંદનદાસજીએ અંતરના આનંદની અભિવ્યક્તિ કરતાં હર્ષવિભોર થઈને પોતાની લાગણી વ્યક્ત કરતા જણાવ્યું કે સ્થાનિકે ઘણી શિબિરો થાય પરંતુ અત્યંત પવિત્ર તીર્થધામ હરિદ્વાર મધ્યે પાવનકારી ગંગાનદીના કિનારે શિબિર યોજાય તે બહુ મોટી વાત છે. હરિદ્વાર મધ્યે હરિભક્તોને શિબિરની સાથે સાથે ગંગા સ્નાનનો પણ લાભ મળ્યો છે. ખરેખર આ શિબિર ખાસ વિશેષ છે તેથી જ આ શિબિરમાં સૌથી વધુ સંતો, સાં.યો. બહેનો, કર્મયોગી બહેનો અને દેશ-વિદેશના હરિભક્તો પધાર્યા છે. અને શિબિરનો લાભ લઈ રહ્યા છે, આ જે લાભ મળ્યો છે એવો લાભ બધાને મળતો નતી, માત્ર ભાગ્યશાળી હોય તેને જ આ લાભ મળે છે. પૂર્વજન્મના સારાં કર્મો અને સારા સંસ્કારો થકી જ આ લાભની પ્રાપ્તિ થાય છે. હરિદ્વારમાં શિબિરનું આયોજન કરવું એ ખૂબ જ સુંદર વિચાર છે. આ બહું સારામાં સારું કાર્ય થયું છે. અમે ખૂબ રાજી છીએ. આટલી મોટી સંખ્યામાં સત્સંગીઓને સમૂહ ગંગાસ્નાનનો અવસર પ્રાપ્ત થાય તે પણ મોટી વાત છે. આવો યોગ વારંવાર આવતો નથી, અમે આયોજકોનો ધન્યવાદ કરીએ છીએ. ગંગામાં સમૂહ સ્નાન સમયે અમને પણ સાથે રાખજો અને યાદ કરીને બે ખોબા ગંગાજળથી સ્નાન કરાવજો. અમે તમારી સાથે રહ્યા છીએ અને તમે અમારી સાથે રહ્યા છો તમે સદાય સાથે રહેજો. ભગવાન આયોજક સંતોને શક્તિ આપે સદાય આવા કાર્યો કરતા રહો અને સત્સંગનો ખૂબ વિકાસ કરો, અમે ખૂબ રાજી થયા છીએ. શિબિરની સફળતા મોટી સિધ્ધિ છે. અમે રાજીપો વ્યકત કરી આશીર્વાદ પાઠવીએ છીએ.

સ.ગુ. મહંત સ્વામીશ્રી



અમને એમ હતું ત્યાં દૂર જાયો છો કેમ થશે પણ તમારા બધાયની એક દેવની નિષ્ઠા અને યુવક મંડળના સંતોની સૂઝબૂઝથી શિબિર સફળ થઈ આ જાણી અમો રાજી થયા છીએ.

સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી



આટલા દૂર આવડું મોટું આયોજન નિષ્ઠાવાન યુવક મંડળના સંતો અને યુવાનોના અથાગ પ્રયત્નોથી પાર પાડ્યું. આવી જ શકિત શ્રી નરનારાયણદેવ આપતા રહે.

સ.ગુ. કોઠારી પાર્ષદ જાદવજી ભગત



આપણા સર્વેનું લક્ષ્ય નવધા ભકિત સિદ્ધ કરી દશમી પ્રેમલક્ષણા ભકિત પ્રાપ્ત કરવી એ હોવો જોઈએ.

સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજી



ગંગા કિનારે કરેલ તપનું ફળ અનંતગણું અવશ્ય મળે છે. આજથી વધુ સત્સંગ કરવાનો સંકલ્પ કરજો.

સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજી



હરિદ્વારની ભૂમી દિવ્ય છે. મનના વિકારો અહિં શાંત થાય છે કુસ્વભાવ દૂર કરી ભગવાન અને સંતની સેવા કરવી.

સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજી



મોક્ષની વાત કરતા સંતો થકી મોક્ષપ્રાપ્ત થઈ શકે છે.

સ.ગુ. સ્વામી સ્વયંપ્રકાશદાસજી



ભગવાન અને સંતો અને હરિભક્તો રાજી થાય તો જીવનું કલ્યાણ થાય માટે આપ સૌ મર્યાદાવાળું જીવન જીવજો.

**સ.ગુ. સ્વામી હરિબળદાસજી**



વર્ષો પહેલાં સંતો યુવાનો માટે ઘડતર કરતા આવ્યા છે એનો જ એક ભાગ આ યુવક મંડળ છે માટે સૌ મજબૂત રહી શ્રી નરનારાયણદેવના નિષ્ઠાવાન સેવક થજો.

**સ.ગુ. સ્વામી કેશવજીવનદાસજી**



સંત વિના ખોટ નહિ ટળે,
સત્પુરૂષોમાં દ્રઢ પ્રીતિ થકી ભગવાનના દર્શન થાય છે.

**સ્વામી મહાપુરુષદાસજી**



કથા-વાર્તા, સત્સંગના મહિમાથી આપણી ઉર્ધ્વગતિ થાય છે. માટે હંમેશા સત્સંગ કરવો.

**સ્વામી વિશ્વવલ્લભદાસજી**



જીવનમાં શિસ્ત અને સંયમ અપનાવી જીવન ઉર્ધ્વગામી બનાવવું. મને યુવક મંડળની દરેક પ્રવૃત્તી ખુબ જ ગમે છે.

**સ્વામી અક્ષરપ્રકાશદાસજી**



પોતાની શક્તિ અને સમર્થ્યને સત્સંગથી સુવાસિત કરી તેને સ્વ, સમાજ અને રાષ્ટ્રના હિતમાં વાપરનાર યુવાન એ જ સાચો કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળનો યુવાન.

**સ્વામી દેવચરણદાસજી**



સ્વ વખાણ કરવામાં ન અટવાતાં અંતરખોજની જરૂર છે. આપણી પ્રગતિ માટે મોક્ષની પ્રાપ્તિ માટે સ્વની ઓળખ જરૂરી છે.

**કોઠારી પાર્ષદ ખીમજી ભગત**



કથા દરમ્યાન બાજોઠ ઉપર ભગવાન બિરાજે છે સભામાં બેસનાર ઉપર નજર અને મસ્તકે હાથ મૂકે છે માટે કથામાં બેસવું.

**સ.ગુ. સ્વામી ભગવદ્જીવનદાસજી**



યુવક મંડળે ૧૫ વર્ષમાં ખૂબવિકાસ સાધેલ છે. આવી શિબિરનો મે પહેલીવાર લાભ લીધો છે.

**સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી**



જીવ ભગવાન પાસે પહોંચે ત્યારે જતે માયામાંથી મુકત થાય છે. ત્યારે જ મોક્ષ થાય છે. ભગવાન અને સંતનો કુરાજીપો થાય તેવો દુરાગ્રહ ન રાખવો.

**સ્વામી પરમહંસદાસજી**



મોક્ષ તો જ મળે જો સાચા સંતના વચનમાં વિશ્વાસ રાખીએ ને તે પ્રમાણે વર્તીએ તો.

**સ્વામી નારાયણમુનિદાસજી**



જે યુવાનો કાર્યકરી શકે એ વડીલો ન કરી શકે અને જે વડીલો કરી શકે એ યુવાનો ન કરી શકે માટે એકબીજાના પૂરક થઈ યુવક મંડળમાં સેવા કરી નિષ્ઠાવાન બનજો.

**સ.ગુ. સ્વામી મુક્તવલ્લભદાસજી**



આવી શિબિરો જીવનમાં પ્રોત્સાહન આપનાર તથા પ્રેરણાદાયી થાય છે માટે ગુણગ્રાહક બનવું.

**સ્વામી ગોલોકવિહારીદાસજી**



પવિત્ર ગંગાનદીને કિનારે ગયા છો તો સર્વ દોષોથી મુક્ત થઈ મહારાજને પામવાના સંકલ્પ કરજો.

**સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી**



જ્યારે માણસ પોતાના માટે કંઈક કરવાની શરૂઆત કરે છે ત્યારથી તેની નિષ્ફળતાની શરૂઆત થાય છે અને દેવ માટે કાંઈક કરવાની શરૂઆત કરે છે ત્યારથી તેની સફળતાની શરૂઆત થાય છે આ સંતો એ શ્રી નરનારાયણદેવને પ્રાધાન્ય રાખીને તેમનામાં નિષ્ઠા રાખીને જે જે કાર્યો કર્યા છે તે સફળ થયા છે. યુવક મંડળની આ દિવ્ય સભા આવા ભવ્ય આયોજનો વગેરેની સફળતાનું રહસ્ય શ્રી નરનારાયણદેવને સમર્પિત સંતો હરિભક્તોની નિરવાર્થ સેવા છે.

**સ્વામી અક્ષરપ્રિયદાસજી**

# યુવક મંડળ અને શિબિરો

શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ સંચાલિત કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક-યુવતી મંડળ દ્વારા કરવામાં આવતી સત્સંગની અનેક પ્રવૃત્તિઓ પૈકીની એક છે શિબિરોનું આયોજન. શિબિરો દ્વારા યુવાવર્ગને એક નવો દૃષ્ટિકોણ પ્રદાન થાય છે, જે તેમને જીવનને સાફલ્યની દિશામાં દોરી જાય છે. શિબિરોનું આયોજન વિવિધતાઓ સાથે કરવામાં આવે છે. જેમાં સ્થાનિક શિબિરો, પ્રાંતીય શિબિરો અને પ્રાદેશિક શિબિરો તો યોજાય જ છે. પરંતુ વિશાળ ફલક પર રાષ્ટ્રીય શિબિરો અને આંતરરાષ્ટ્રીય શિબિરો પણ યોજવામાં આવે છે. માત્ર કચ્છ કે ગુજરાતના જ નહીં પરંતુ સમગ્ર રાષ્ટ્રના અને વિદેશમાં વસતા આપણા યુવાનોની સુપ્ત શક્તિઓને ઉજાગર કરી એક સશક્ત અને સમૃદ્ધ રાષ્ટ્ર નિર્માણની આ અતિ પ્રશંસનીય પ્રવૃત્તિ છે.

આ શિબિરોમાં આવતા યુવાનોને સત્સંગની સાચી સમજ આપી તેમાં સત્સંગના સંસ્કારોનું સિંચન કરી, ભારતીય પરંપરાઓની શ્રેષ્ઠતાનો પરિચય આપી એ પરંપરાને જીવનમાં વણી લેવાના સંકલ્પો કરાવવામાં આવે છે. ધર્મ અને અધ્યાત્મની સમજ સાથે જીવનમાં તેની આવશ્યકતાના અનુમોદન સાથે સાંપ્રદાયિક સિદ્ધાંતોથી અવગત કરાવવામાં આવે છે. અલગ અલગ સ્થાન, પ્રાંત અને પ્રદેશમાંથી તેમજ અલગ અલગ વાતાવરણ, પરિસ્થિતિ તેમજ ભિન્ન ભિન્ન માન્યતાઓ ધરાવતા સમાજમાંથી આવતા યુવાનો મસ્તમૌલા જેવા મિજાજ ધરાવતા અને શક્તિઓના ભંડાર સમા હોય છે. મોટા ભાગે પોતામાં રહેલી શક્તિઓની જાણ પણ તેમને નથી હોતી. જીવનમાં ચોક્કસ કોઈ ધ્યેય પણ નથી હોતો અને લક્ષ્યસિદ્ધિની સમજ પણ નથી હોતી. સમાજમાં પ્રવર્તમાન આજના વાતાવરણ મુજબના ઉછેર અને જીવનશૈલીની વ્યાપક અસર આ યુવાનો પર હોય છે. આવા હજારો યુવાનો આ શિબિરોમાં આવે છે ત્યારે સંતો માટે એક મોટો પડકાર લઈને આવે છે. એક-એક યુવાનને ઓળખીને, સમજીને, યુવાનોની પ્રકૃત્તિ અને વિચાર સરણીથી પરિચિત થઈને એક ઝવેરીની જેમ સંતોએ કાર્ય કરવું પડે છે. શિબિરમાં આવેલ એક એક યુવા રત્નને જતનપૂર્વક સક્ષ્ં કરવાના છે. હીરા(રત્ન) ની સાચી પરખ ઝવેરીને હોય છે અને હીરાની ગુણવત્તાનુસાર તેમાં પહેલ પાડી ઝવેરી તેને ચમકાવી મૂલ્યવાન બનાવે છે. બસ એજ પ્રમાણે યુવાનોમાં ધરબાયેલી વિવિધ શક્તિઓને ઓળખી, સમજી અને પારખીને તે શક્તિઓને બહાર લાવી તેનું સંવર્ધન કરી, યોગ્ય દિશા આપી, જીવનનું ધ્યેય આપીને યુવાનોને તેજસ્વી, ધર્મપ્રેમી, માનવપ્રેમી અને રાષ્ટ્રપ્રેમી બનાવવાનો પડકાર યુવક મંડળના સંતો સમક્ષ છે. યુવકો અને સંતો પરસ્પર સતત સાંનિધ્યમાં રહે તેમજ પૂરતો સમય મળી રહે તે માટે નિવાસી શિબિરો અને રાત્રીય સભાઓનાં આયોજન પણ કરવામાં આવે છે.

યુવાનોને પરસ્પર એક બીજાની નજીક લાવવામાં નિવાસી શિબિરનો સિંહફાળો હોય છે.શિબિરની પૂર્વ સંધ્યાએ જુદા જુદા પ્રાંત, ભિન્ન ભિન્ન પ્રદેશ અને અલગ અલગ રાજ્યોમાંથી તરવરિયા યુવકોના આગમનનો પ્રારંભ થઈ જાય છે. ઉત્સાહ, ઉમંગ, જોશ અને જોમ સાથે આવતા યુવકોની આંખોમાં કુતૂહલતા અને ચહેરા પર આનંદની અનુભૂતિ સ્પષ્ટ જોવા મળે છે. શિસ્ત અને અનુશાસનના પાઠ શીખતા આ યુવાઓને પ્રાતઃકાળની પૂજાથી લઈને દિવસ દરમ્યાન કસરતો, યોગ, રમતો, સત્સંગ સભાઓ, જ્ઞાનસભાઓમાં સાંસ્કૃતિક જ્ઞાન, સંપ્રદાયના પાયાનું જ્ઞાન, આધ્યાત્મિક જ્ઞાન, મહાપુરુષો અને વિશ્વવંદનીય સંતો મહાત્માઓના જીવનના પ્રેરક પ્રસંગોનું જ્ઞાન, કથા-વાર્તા, ક્વીઝ સ્પર્ધાઓ, પ્રેઝન્ટેશન આદિ દ્વારા યુવાનોને માર્ગદર્શન આપીને વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓ કરાવવવામાં આવે છે. રાસના રમઝટ જેટલો જ આનંદ યુવાનો રસોડાની પ્રવૃત્તિઓમાં લેતા હોય છે. રસોડાની રંગત કંઈ ઓર જ છે. જેમ ખારા, તીખા, ખાટા, મીઠા, તુરા જેવા વિવિધ સ્વાદોને સપ્રમાણ રીતે વિવિધ વાનગી સાથે ભેળવીને સ્વાદિષ્ટ ચટાકેદાર ભોજનનો રસથાળ તૈયાર થાય છે બસ તેવી જ રીતે અલગ અલગ પ્રકૃત્તિ અને અલગ અલગ સ્વભાવ ધરાવતા યુવકો પરસ્પર સાનુકૂળતા સાધવાનું શીખી જિંદગીને રસમય બનાવી લેતા હોય છે. ગોળ-ઘી-લોટના સપ્રમાણ મિશ્રણને ગોળ ઘાટ આપીને જેમ લાડુ તૈયાર થાય છે. તે રીતે જીવનમાં ઘટતી ઘટતાઓને કેવી રીતે સ્વીકારીને જિંદગી લાડુ જેવી મીઠી બનાવી લેવી તેના પાઠ શિબિરોમાં શીખવાય છે. માત્ર પુસ્તકીયા જ્ઞાની ન રહેતાં સુહૃદભાવ અને વિશ્વબંધુત્વની ભાવનાથી ભરપૂર ભારતીય સંસ્કૃતિના ઉદાત્ત ગુણોને આત્મસાત્ કરી હરહંમેશાં સત્સંગમાં જ્ઞાનથી વધતા રહે છે અને દેહાભિમાન જેવા દુર્ગુણોથી ઘટતા રહે છે.

શિબિરોમાં સત્સંગમાં દૃઢતા આવે, ધર્મનિષ્ઠા,

સંતનિષ્ઠા, પ્રભુનિષ્ઠાના પાઠો શિખવવામાં આવતા હોવાથી યુવાનોના મન, બુદ્ધિ અને વિચારોમાં તેજસ્વી અને શક્તિશાળી, સુસંસ્કારી અને સંવેદનશીલ અભિગમ દૃષ્ટિગોચર થાય છે. તેનાં વાણી, વર્તન અને કાર્યોમાં સકારાત્મકતા જોવા મળે છે. શિબિરોમાં જીવનપુષ્પને ખીલવવાનું કામ થતું હોવાથી વ્યક્તિગત જીવન સુવાસિત અને કોમળ બને તેવા આદર્શો યુવકો સામે મૂકવામાં આવે છે. મહાન નંદ સંતોના જીવનમાંથી પ્રેરણા મેળવીને સ્વસુધારની સાથે સમાજના સુધારના પાઠો પણ શિખાડવામાં આવે છે.

માત્ર યુવકો માટે જ આવી પ્રવૃત્તિ થાય છે એવું નથી. સમાન ધ્યેય સાથે મહિલા શિબિરોમાં સાં.યો. બહેનો દ્વારા યુવતી મંડળમાં પણ સત્સંગ સરવાણી સતત વહ્યા કરે છે. આદર્શ યુવક જેવી જ આદર્શ યુવતીઓ પણ સમાજને સ્વચ્છ અને સમૃદ્ધ બનાવવા સક્ષ્મ થઈ રહી છે. મહિલા શિબિરો અને મહિલા મંચની ઉત્તમ કામગીરીના શ્રેષ્ઠ અને પ્રભાવક પરિણામોથી સત્સંગમાં અને ભકિતમાં દઢતા આવી છે. નારી શકિતનું જાગરણ થયું છે અને તેનો વ્યાપક ફાયદો સત્સંગને થઈ રહ્યો છે.

આ શિબિરો યુવા ઘડતરની સાથે સ્વસ્થ અને સદાચારી સમાજનાં નિર્માણમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. શ્રી નરનારાયણદેવને વિષે નિષ્ઠા અને સાચી ઉપાસનાની દઢતા સાથે યુવાનોમાં સંપ, એખલાસ, સંસ્કારો, સત્સંગ અને ભજનવૃત્તિની દઢતા જોવા મળે છે, જે આ શિબિરોની ફળશ્રુતિ છે.


## યુવક મંડળના સંસ્થાપક અને આશીષદાતા



મ. સ.ગુ. સ્વામી હરિસ્વરૂપદાસજી



સ.ગુ. સ્વામી ધર્મકિશોરદાસજી



સ.ગુ. સ્વામી ઘનશ્યામજીવનદાસજી



સ.ગુ. સ્વામી માધવપ્રિયદાસજી



સ.ગુ. પાર્ષદ કોઠીર સામજી ભગત

## યુવક મંડળના સંપોષક



મ. સ.ગુ. સ્વામી ધર્મનંદનદાસજી




સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી



સ.ગ. કોઠારી પાર્ષદ જાદવજી ભગત


## યુવક મંડળના વડીલો



સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજી




સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજી



સ.ગુ. સ્વામી સ્વયંપ્રકાશદાસજી



સ.ગુ. સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી



સ.ગુ. સ્વામી કેશવજીવનદાસજી

# કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ - ફળશ્રુતિ

આજથી વીસેક વર્ષ પહેલાં આપણા સંતોને તત્કાલીન પરિસ્થિતિએ ચિંતિત કરી દીધા. તેઓને સામાજિક પરંપરાઓમાં અને માનવીય નીતિમત્તાના સિદ્ધાંતોમાં શિથિલતાની અનુભૂતિ થવા લાગી. અધ્યાત્મના સ્થાને ભૌતિકતાનું પ્રભુત્વ દેખાવા લાગ્યું. યુવાવર્ગમાં ધર્મ, ભક્તિ, વડીલો પ્રત્યે આદરભાવ, સકારાત્મક સોચ, શિક્ષણ, આત્મવિશ્વાસ, સંવદેશનશીલ અભિગમ અને જીવનમૂલ્યોની સમજનો અભાવ વર્તાવા લાગ્યો. સંસ્કારોની ઉણપ દેખાવા લાગી, યુવાશક્તિ ક્ષીણ થવા લાગી હતી, યુવાનોનું ભવિષ્ય અંધકારમય ભાસતું હતું. એવા સમયે આપણા દીર્ઘદષ્ટા વડીલ સંતોએ યુવાવર્ગને સજ્જ કરી તેમની સુસુપ્ત શકિતઓમાં ચેતનાનો સંચાર કરી નવા પ્રાણ પૂરવાનો દઢ સંકલ્પ કર્યો. આ રીતે 'કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ' ની રચનાનાં બી વવાયાં.

૨૦૦૩માં શરૂ થયેલાં 'કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ' ને ૧૫ વર્ષ પૂરા થતાં પંચદશાબ્દી વર્ષ નિમિત્તે આજે આપણે ગૌરવભેર કહી શકીએ એમ છીએ કે આ યુવક મંડળની પ્રવૃત્તિઓએ યુવકો અને યુવતીઓની વિચારસરણીમાં આમૂલ પરિવર્તન લાવી દીધું છે.

'સ્વ' ને વિસારી- 'સર્વ' નું વિચારી 'સૌ'ને વિસ્તારીને પ્રગતિના પગથિયા એક પછી એક સર કરતા આ યુવકો પોતાની એક આગવી ઓળખ ઊભી કરી શક્યા છે.

છેલબટાઉ થઈને ફરતા અને પોતે 'સ્માર્ટ' છે એવું દર્શાવવા હાસ્યાસ્પદ વર્તણૂક કરતા આજના યુવકોની વચ્ચે જ્યારે કોઈ એવો યુવાન મળી જાય કે જેની આંખોમાં આત્મવિશ્વાસ હોય, વાણીમાં વિવેક હોય, વર્તનમાં વિનય હોય, જેની કાર્ય પદ્ધતિમાં ધૈર્ય, ગાંભીર્ય અને ચીવટ જોવા મળે, આચરણમાં સહકારની તત્પરતા હોય, વડીલો પ્રત્યે આદરભાવ, સંતો તરફ પૂજ્યભાવ હોય અને જેનું લલાટ તિલક-ચાંદલાથી શોભતું હોય, મસ્તકે શીખા હોય ત્યારે નિઃસંશય સમજી જજો કે આ યુવક કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળનો સભ્ય છે.

એવું જ યુવતીઓ માટે પણ છે. ખુલ્લા ગલાના ટી-શર્ટ, ટાઈટ ફીટ ઠેર ઠેર બાકોરાવાળી જીન્સ પેન્ટ પહેરીને કે શરીરને ઢાંકવાના બદલે શરીરનું પ્રદર્શન કરતા ચૂસ્ત કે અન્ય વસ્ત્રો પહેરીને પોતાની ફેશનેબલ અને બિન્દાસ યુવતીની છાપ ઊભી કરવાનો પ્રયત્ન કરતી યુવતીઓની વચ્ચે જ્યારે ભારતીય પરંપરાગત વસ્ત્રો પરિધાન કર્યા હોય, જેના વર્તનમાં મર્યાદા હોય, વાણીમાં વિનયયુક્ત સંસ્કારોની પ્રતીતિ થતી હોય, અન્ય પ્રત્યે આદર જોવા મળે, ધાર્મિક વૃત્તિ અને ભક્તિભાવ સાથે સાંપ્રદાયિક સિદ્ધાંતોની શ્રેષ્ઠતાનાં દર્શન કરાવતું આચરણ જોવા મળે ત્યારે એ યુવતી કચ્છ શ્રી નરનારાયણદેવ યુવતી મંડળની સભ્ય છે એ વાત નિઃશંક સમજી જવી. યુવકો અને યુવતીઓમાં આવેલું આ સાકારાત્મક પરિવર્તન વડીલ સંતોના પ્રેરણાદાયી માર્ગદર્શનને આભારી છે. વડીલ સંતોના દિશાસૂચન મુજબ કર્તવ્યનિષ્ઠ યુવા સંતોએ યુવકો સાથે અને ધ્યેયનિષ્ઠ સાં.યો. બહેનોએ યુવતીઓ સાથે સતત સાંનિધ્યમાં રહીને સુસંસ્કારોનું સિંચન કરવા જે પરિશ્રમ કરેલ છે તે આજના યુવાવર્ગમાં પ્રતિબિંબિત થાય છે.

પંદર-પંદર વર્ષના અથાગ પરિશ્રમના પરિણામે આપણે એટલું ચોક્કસ કહી શકીએ છીએ કે સ.ગુ. વડીલ સંતોએ જે હેતુથી યુવક મંડળની સ્થાપના કરી, ભવિષ્યના યુવકો કેવા હોવા જોઈએ એના સ્વપ્ન જોયા હતા અને સંતો પાસે જે અપેક્ષાઓ રાખી હતી તે બધી બાબતોના સુંદર પરિણામો આપણી સમક્ષ છે.

નૂતન મંદિર મહોત્સવ સમયે આપણે આ યુવકમંડળની કાર્યદક્ષતા, સામર્થ્ય અને સમયસૂચકતાનો અનુભવ કરી ચૂક્યા છીએ. તે સમયે યોજાએલા અદ્ભુત કાર્યક્રમો 'વિશ્વ યુવા સત્સંગ સંમેલન' તથા 'મંત્રલેખન પોથી પ્રભાત ફેરી' ઉત્સવ ઉપક્રમે વૃક્ષારોપણ જેવા કાર્યક્રમો પ્રસંગે યુવક મંડળે કાર્ય પાર પાડવાની સૂઝ અને ધીરજનો પરિચય આપ્યો. 'પ્રભાતફેરી' સમયે તો સાતેક હજારની સંખ્યાની ધારણા હતી ત્યારે પાંત્રીસ હજાર જેટલા હરિભક્તો પ્રભાતફેરીમાં જોડાયા. લાખો દિવાઓથી હમીર સરોવરને શણગારવો તેમજ દિવાળી મહોત્સવ સમયે મંદિરના પ્રાંગણમાં લાખો દીપકની ગોઠવણીથી ધાર્મિક પ્રસંગોને પ્રકાશિત કરવા યુવાવર્ગ જ અગ્રેસર અને સજ્જ હોય છે.

આજે યુવક મંડળના પંચદશાબ્દી વર્ષ સમયે આપણે ગૌરવભેર કહી શકીએ છીએ સ્વચ્છ, સુંદર, સદાચારી, સત્સંગપ્રેમી આદર્શ સમાજનો સૂર્યોદય થઈ ચૂક્યો છે. ૧૪૦૦૦ થી વધુ થનગનતા યુવકો અને ૧૩૦૦૦ થી વધુ સંસ્કારી યુવતીઓની સહજાનંદી ફોજ તૈયાર થઈ ચૂકી છે. જે રાષ્ટ્રના ઉજ્જવલ ભવિષ્ય માટે મહત્ત્વનું અંગ સાબિત થશે અને સંપ્રદાયનું ગૌરવ વધારશે.

RNI NO. GUJ/GUJ/2001/5643 **Shree Swaminarayan Dharmasandesh** Postal Regd. No. GKCH-158/2018-2020
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ / STG OFFICE WPP Lic No. G-PMG-RJT/011/2018/UPTO 31-12-2018













